R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 20 DATE: 20-05-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનન્ત
પાલડી,અમદાવાદ-૭

## કર્ણાટકમાં ભાજપનેતા યેદુરપ્પાની ઉતાવળ સાથે મુખ્યમંત્રીપદે તાજપોશી

કોગ્રેસ અને જેડીએસ ના ધારાસભ્યોના તોડફોડના આરોપો અને વિવાદો વચ્ચે ભાજપના નેતા બી.એસ. યેદુરપ્પાએ બહુમતી સાબિત કરવાના જોખમ સાથે કર્ણાટકના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.રાજયના રાજયપાલ વજુભાઇ વાળાએ યેદુરપ્પાને સરકાર રચવા માટે આમંત્રણ પત્ર મોકલ્યો હતો.તે પછી એકદમ સાદી વિધીમાં અને કંઇપણ ઉહાપોહ વગર ભાજપના આ નેતાએ ખેડુતો અને ઈશ્વરના નામે મુખ્યમંત્રી પદના સોગંદ લીધા હતા.

સુપ્રીમ કોર્ટમાં મોડી રાત્રેથી વહેલી પરોઢ સુધી ભારે કશ્મકશ બાદ ૪૮ કલાકમાં સમર્થિત ધારાસભ્યોની યાદી આપવા કરેલો આદેશ તેમના માટે જોખમી પુરવાર થાય તેમ છે.ત્રીજી વખત કર્ણાટકના મુખ્યમંત્રી તરીકેનો ભાર સંભાળતાની સાથે યેદુરપ્પાએ રાજયના ખેડુતોનું દેવું માફ કરવાની જાહેરાત પણ કરી નાંખી હતી.અને બહુમતી પુરવાર કરવાની હોવાથી પોતે એકલાએ જ શપથ લીધા હતા.

ચુંટણીમાં આવેલા પરિણામોમાં ભાજપને ૧૦૪ સીટો મળી હતી.જ્યારે જે બહુમતી કરતાં આઠ બેઠકો ઓછી હતી.સામે પક્ષે કોગ્રેસ અને જનતા દલ એસના ગઠબંધન પાસે ૭૮ અને ૩૭ અને એક અન્ય મળીને કુલ ૧૧૬ ધારાસભ્યો છે જે બહુમતી કરતાં વધારે છે.વિધાનગૃહ ૨૨૪ સભ્યોનું બનેલુ છે. જેમાં બે બેઠકો પર ચુંટણી મુલવતી રહેલી છે.

રાજ્યપાલે બહુમતી વિના યેદુરપ્પાને સરકાર રચવાનું આમંત્રણ આપી દેતાં કોગ્રેસ અને જેડી-એસના નેતાઓએ રાત્રે સુપ્રીમકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.સુપ્રીમમાં આ મુદ્દે વહેલી પરોઢ સુધી આ મુદ્દે દલીલો ચાલી હતી. તે પછી રાજ્યપાલના આદેશને રોકવા પર સુપ્રીમે ઈન્કાર કરી દીધો હતો.જો યેદુરપ્પાને ૪૮ કલાકમાં સમર્થિત ધારાસભ્યોનું લીસ્ટ આપવા આદેશ કર્યો હતો.સામાન્ય રીતે કોઈપણ શપથવિધિમાં હાજરી આપતાં વડાપ્રધાન મોદી કે ભાજપના પ્રમુખ આ પ્રસંગમાં હાજર રહ્યા નહોતા.જ્યારેકેન્દ્રીય મંત્રીઓ પ્રકાશ જાવડેકર અન અનંત કુમારે આ સમારંભમાં હાજરી આપી હતી.ચુંટણી હવે સત્તા મહા સંગ્રામમાં પલટાઇ ગઇ છે.સરકારી મશીનરી ઉપર પોતાની મજબુત પકડ હોવાને કારણે સરકારે બંધારણીય જોગવાઈઓને બાજુ પર ધકેલીને પોતાની રીતે મનમાની કરી છે તેવું ચર્ચાઇ રહ્યું છે.

## વાહન ચલાવતી વખતે મોબાઇલ પર વાત કરવાની મનાઇ હોય તેવો કોઇ કાયદોનથી : કેરળ હાઇકોર્ટનો ચુકાદો

કેરળ હાઈકોર્ટે કહ્યુ છે કે વાહન ચલાવતી વેળાએ મોબાઈલ પર વાત કરવાથી અકસ્માત થાય છે અથવા તેનાથી કોઈ ખતરો છે, આ વાત એટલા માટે ન કહી શકાય કેમકે તે અંગે કોઈ કાયદો જ નથી. જસ્ટીસ એ.એમ.શફીક અને જસ્ટીસ પી.સોમરાજનની ડીવીઝન બેન્ચે આ ચુકાદો આપ્યો છે.સંતોષ એમજે તરફથી બેન્ચે સમક્ષ આ મામલે પીઆઈએલ દાખલ કરાઇ હતી. સરકારી પક્ષના વકીલે કહ્યુ હતું કે અરજીકર્તા ગત ૨૬ એપ્રિલે સાંજે વાહન ચલાવી રહ્યો હતો. ત્યારે કોઈની સાથે મોબાઈલ પર વાત કરતાં તે પકડાયો હતો.સિંગલ બેન્ચે ઠરાવ્યુ હતું કે વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોન પર વાત કરવું એ મોટર વાહન કાયદાની કલમ ૧૧૮(ઈ) માં ગુનો છે.

એ પછી આ કેસ ડીવીઝનલ બેન્ચ સમક્ષ આવ્યો હતો. કેમકે સિંગલ બેન્ચે ૨૦૧૨માં અબ્દુલ લતીફ વિ. કેરળ રાજ્ય કેસમાં જસ્ટીસ એસ.એસ સતીષચંદ્રનના આદેશના વિરોધમાં ચુકાદો આપ્યો હતો.૨૦૧૨માં ચુકાદામાં જસ્ટીસ સતીષચંદ્રે કહ્યુ હતું કે કાયદાની કલમ ૧૧૮(ઈ)માં ક્યાંય પણ આ સ્પષ્ટ નથી કે વાહન ચલાવતી વેળાએ મોબાઈલ ફોન પર વાત કરવી ગુનો છે.આ કાયદાની કલમ ૧૮૪માં કહેવાયું છે કે વાહન ચલાવતી વેળાએ ફોન પર વાત કરવી ખતરનાક છે. કલમ ૧૧૮(ઈ)માં આવતા તમામ ગુના દંડને પાત્ર છે. જેમાં ત્રણ વર્ષની જેલ અથવા રુ.૧૦,૦૦૦ના દંડ અથવા બેઉની જોગવાઈ છે.કલમ ૧૮૪માં છ મહિના સુધીની જેલ અથા દંડ બેઉ થઈ શકે છે.

## પશ્ચિમ બંગાળમાં પંચાયતની ચુંટણીમાં મમતા બેનરજીનો દબદબો બરકરાર રહ્યો

પશ્ચિમ બંગાળમાં ગ્રામ્ય પંચાયતની ચુટણીમાં મમતા બેનરજીની આગેવાની હેઠળ તુલમુલ કોગ્રેસ તેનો પરચમ લેહરાવ્યો હતો.તેણે રાજ્યની ૮૦ ટકા ગ્રામ્ય પચાયતો અને ૯૦ ટકા પંચાયત સમિતિઓ પર કબજો જમાવી દીધો છે.ભાજપ બીજા ક્રમે રહ્યો છે.તો ડાબેરી અને કોગ્રેસ એ પછીના ક્મે ધકેલાઈ ગયા છે.

પંચાયતોની ચુંટણીની મતગણતરી મોડી રાત સુધી ચાલી હતી.ટીએમસીએ જીતેલી બેઠકો અન તેનો ચાલુ રહેલો ટ્રેન્ડ દર્શાવે છે કે તેણે તેના હરિફો સામે હાથ ઉપર રહ્યો છે.અને કોઈને ફાવવા દીધા નથી.જો કે બીજા ક્રમે રહેલો ભાજપ તેનો મુખ્ય હરીફ રહ્યો છે. ભારતે હિંસા વચ્ચે પંચાયતોની ચુંટણીમાં મતદાન થયું હતું.ટીએમસી તમામ ૨૦ જીલ્લાઓમાં આગળ હતી.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## વિઝા પુરો થયા બાદ અમેરિકામાં રહેતા લોકો-વિદ્યાર્થીઓનો વસવાટ ગેરકાયદેસર ગણાશે : ટ્રમ્પ સરકારની નવી મુસદ્દા નીતિ

અમેરિકામાં નોકરી કે કાયમી વસવાટના સપનાંનો માર્ગ વધુ કપરો બન્યો છે.યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે જાહેરાત કરી હતી કે વિઝાની મુદત પુરી થયા પછી અમેરિકામાં વસવાટ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી કરવા માટે એક મુસદ્દા નીતીની જાહેરાત કરી છે.આ નીતિ ૯ ઓગષ્ટથી લાગુ થશે.જેમાં ગેરકાયદે વસવાટના સમયની ગણતરીમાં બદલાવનો પ્રસ્તાવ છે.પ્રસ્તાવિત નીતિ અંતગર્ત વિદ્યાર્થીના ગેરકાયદે વસવાટનો સમય તેનું ઈમીગ્રેશન સ્ટેટસ પુરુ થતાની સાથે જ શરુ થશે. તેનો અર્થ એ કે વિદ્યાર્થીનો અભ્યાસ પુરો થાય તે દિવસથી જ અમેરિકામાં તેનો વસવાટ ગેરકાયદે થશે.

જેમકે એફવન ધરાવતા વિદ્યાર્થીને અભ્યાસ પુરો થયા પછી ૬૦ દિવસનો ગ્રેસ પીરીયડ અપાય છે. જે દરમિયાન તેનો સ્ટેટસને વર્ક વિઝામાં બદલી શકે અથવા તો અમેરિકા છોડી જઈ શકે. પરંતુ હવે આ નવી મુસદ્દા નીતિને કારણે વિદેશી વિદ્યાર્થીઓને અમેરિકામાં પરમેનન્ટ રેસીડેન્સી મેળવવામાં મુશ્કેલી પડશે.જો વિદ્યાર્થી ૧૮૦થી વધુ દિવસ સુધી ગેરકાયદે અમેરિકામાં વસવાટ કરતાં ઝડપાશે તો તેના પર અમેરિકામાં ૩ થી ૧૦ વર્ષનો પ્રતિબંધ લાગી શકે છે.

ઈમીગ્રેશન કાયદાની નિષ્ણાંત કંપની ફૈગોમેને જણાવ્યુ છે કે નવી નીતિ અંતગર્ત જેમને વર્ક વિઝાનું સ્ટેટસ નથી મળ્યું અથવા જે લોકો વર્ક વિઝા માટે અરજી કરવા માંગે છે અથવા પરમેનેન્ટ રેસીડેન્સી માટે પોતાનું સ્ટેટસ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી થશે.હાલ જારી કરાયેલી માર્ગદર્શિકા અનુસાર ગેરકાયદે વસવાટની ગણતરી અધિકારીને કોઈ ઉલ્લંઘન જણાય અથવા ઈમીગ્રેશન જજ ડિપાર્ટ.નો આદેશ જારી કરે ત્યારથી થશે.

ઓપન ડોર્સ રિપોર્ટ(૨૦૧૭)ના ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ ડેટા અનુસાર અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૬-૧૭માં ૧૨ ટકા વધી છે.આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યાના સંદર્ભમાં ભારત ચીન પછી બીજા ચસ્થાને આવે છે.૩૦ સપ્ટે.૨૦૧૭ સુધીમાં અમેરિકામાં ૪.૨૧ લાખ ભારતીય વિદ્યાર્થીઓને વિઝા અપાયો છે.હોમલેન્ડ સિક્યોરીટી રિપોર્ટ અનુસાર ૯૮,૯૭૦માંથી ૪૫૭૫ વિદ્યાર્થીઓને નિયમોનું ઉલ્લંઘન કરવા અથવા તો સ્ટેટસ ન મળી શકવાને કારણે અમેરિકા છોડવું પડશે.અથવા પોતાના સ્ટેટસને સ્ટુડન્ટમાંથી વર્કિંગમાં બદલાવવું પડશે.

## ૨૦૧૯માં પટના સાહિબથી શત્રુઘ્ન સિંહા ચુંટણી લડવાના સંકેતો આપ્યા

ભાજપ સરકાર સામે પોતના તીખા પ્રવચનોથી ચર્ચામાં રહેલા ભાજપી સાંસદ શત્રુઘ્ન સિંહાએ ૨૦૧૯માં પોતે પટના સાહિબથી ચુંટણી લડવા તૈયાર છે તેવા સંકેતો આપ્યા છે.વર્ષ ૨૦૧૪માં ભાજપમાંથી ચુટણી જીતીને તેઓ સાંસદ બન્યા હતા.પટના સાહિબથી ચુટણી જીતનારા શત્રુઘ્નસિંહાએ ફરીથી આ જ બેઠક પરથી ચુંટણી લડવાના સંકેતો આપ્યા હતા.અટલ બિહારી બાજપાઈના સમયમાં કેન્દ્રીય મંત્રી રહી ચુકેલા સિંહા બીજી વખત તેમણે પટના સાહિબથી ચુંટણી લડીને જીત્યા હતા.

લાલુપુત્ર તેજપ્રતાપ યાદવના લગ્નમાં રાજકીય ખટરાગ ભુલીને તેઓ હાજરી આપવા આવ્યા હતા.તેમણે આડકતરી રીતે તેમના રાજકીય શત્રુઓને સંકેતો આપ્યા હતા કે તેઓનો લાલુ પરિવાર સાથે મિત્રતાનો નાતો છે.તેમણે ઉમેર્યુ હતું કે ચુંટણી લડવાની જગ્યામાં કોઈ ફેરફાર નહીં થાય તે પટના જ રહેશે.પરંતુ બની શકે છે કે સ્થિતિ પહેલા જેવી ન હોય.

ભાજપ પર તેમના જબરજસ્ત શાબ્દિક પ્રહારો બાદ તેમનો પક્ષ તેમને ફરીથી તક આપશે કે કેમ તે એક પ્રશ્ન છે.પરંતુ પક્ષમાં રહેવાનું અને પક્ષ સાથે કામ કરવાનું એલાન સિંહા કરી ચુક્યા છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

કર્ણાટકમાં જે કાંઇ બની રહ્યુ છે કે બન્યું છે તે આઘાતજનક તો છે જ પરંતુ તેમાં કોઇ નવાઇ પમાડે તેવું નથી.સત્તા માટેના તમામ નિયમો અને નૈતિકતા બાજુ પર મુકાયાના અનેક પ્રસંગો આપણે જોયા છે અને હજુ જોવાના છે.રાજ્યપાલોની ભુમિકા વિશે સવાલો ઉઠે,પક્ષાંતર થાય, અને ધારાસભ્યોના ભાવો ઉછળે તે પરથી શું નક્કી કરી શકાય.કર્ણાટકમાં સંભળાયું કે એક ધારાસભ્યના રુ.૧૦૦ કરોડ ભાવ બોલાતો હતો.

રાજકીય પક્ષો તમે પણ આ કરી ચુક્યા છો તેથી અમે પણ કરીશું નો મંત્ર જપતા રહે છે.અને અનૈતિક રીત રસમો ચાલુ રાખે છે.ભારતીય રાજકારણમાં બેઉડા વલણો અને દંભ અહી સૌથી બિભત્સ સ્વરુપે ખુલ્લા પડે છે. મણીપુર અને ગોવા તેના ઉદાહરણો છે.ભાજપી નેતાઓ કર્ણાટકમાં સીગલ લાર્જેસ્ટ પાર્ટી હોવાનો હક્કનો જાપ જપીને સત્તા મેળવવા દોટ મુકી પરંતુ આ જ બાબતે તેમને અન્ય રાજ્યોમાં જ્યાં તેમની બહુમતી નહોતી ત્યાં દેખાઇ નહોતી. અને સત્તા યેનકેન પ્રકારે કબજે કરી લીધી.

કેટલાક બુથો પર મતદારોએ બતાવ્યુ હતું કે તેઓ અન્ય ઉમેદવારને મત આપી રહ્યા છે છતાં તેમનો વોટ ભાજપના ઉમેદવારને જઇ રહ્યો છે.ઈવીએમના ગોટાળા હજુ પણ ચુંટણી પંચ સ્વીકારવા તૈયાર નથી.યાતો સત્તાધારી પક્ષની આ ગેરરીતો સાથે તેઓ પણ મદદગાર બની રહ્યા હોવાના આક્ષેપો ખોટા દેખાતા નથી.

રાજ્યપાલોની વિવેકબુધ્ધિ કે પછી સબંધિત રાજકાયી પક્ષોની નૈતિકતા પ છોડવા જેવું નથી. રાજ્યપાલનો હોદ્દો હવે કેટોલ પ્રસ્તુત રહ્યો છે. અને તેના પર કોઇ અઠંગ રાજકારણીની નિમણુંક થવી જોઇએ કે કેમ તે સહિતના સવાલો પણ હવે કાયમી ઉત્તર માંગે છે. આઝાદી પછીના કાળમાં રાજપાલો જે રીતે સત્તાધારી પક્ષની કઠપુતલી બની ને રમ્યા છે તે લોકશાહીના ઈતિહાસમાં કાળી ટીલી બરાબર છે પણ નૈતિકતાને બધાએ બાજુમાં હડસેલી દીધી છે પછી આ બાબતે ચર્ચા કેમ કરીને કરી શકાય ય

અનુ.પાન નં.૪ નુ ચાલુ

સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેડુંલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.)

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધું પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## ઇસ્લામીક સ્ટેટ પ્રેરિત આતંકવાદી સંગઠન જેમાહ અન્સારુત દૌલાહ શંકા :ઇન્ડોનેશીયામાં ત્રણ ચર્ચ ઉપર આતંકવાદી હુમલા,૧૧ના મોત,૪૦થી વધુને ઇજા

ઈન્ડોનેશીયા,અફઘાનિસ્તાન અને ફ્રાંસ આતંકવાદી હુમલાને કારણે ખળભળી ઉઠયા હતા. ઈન્ડોનેશીયામાં આત્મઘાતી હુમલાખોરોએ દેશના બીજા નંબરના સૌથી મોટા શહેર સુરાબાયામાં ચર્ચ પર કરેલા હુમલામાં ૧૧ના મોત થયા હતા અને ૪૦થી વધુને ઈજા થઇ હતી.આતંકવાદી હુમલાની તપાસ કરી રહેલા સુરક્ષા અધિકારીઓ ઈસ્લામિક સ્ટેટ દ્વારા પ્રેરિત આતંકવાદી સંગઠન જેમાહ અન્સારુત દૌલાહ પર શંકા રાખી રહ્યા છે.

પોલીસ પ્રવક્તા ફ્રાંસ બરુંગ મંગેરાએ જણાવ્યુ હતું કે પહેલો હુમલો સેન્ટ મેરી રોમન કેથોલિક ચર્ચ ખાતે કરાયો હતો.જેમાં સ્યુસાઇડ બોંબર સહિત ચાર વ્યક્તિના મોત નિપજયા હતા.જેમાં બે પોલીસ અધિકારીઓનો સમાવેશ થાય છે.ચર્ચ પર મોટરબાઈકનો ઉપયોગ કરીને હુમલો કરાયો હતો.સેન્ટ મેરી ચર્ચ પર હુમલાની થોડી મીનિટ પછી દિપોનેગોરો ખાતે આવેલા કિશ્ચિયન ચર્ચ અને ત્રીજો હુમલો પેન્ટીકોસ્ટલ ચર્ચ પર થયો હતો.પોલીસો સુરાબાયાના તમામ ચર્ચમાં ભજનસેવા બંધ કરાવી હતી. શહેરમાં યોજાનારા ફુડ ફેસ્ટીવલને પણ રદ્દ કરી દેવાયો હતો.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યુ હતું કે શ્રેણીબધ્ધ આતંકવાદી હુમલા પાંચ સ્યુસાઇડ બોંબર દ્વારા કરાયા હતા. જેમાં બે બાળકો સાથે લઇ આવેલી એક બુરખાધારી મહિલાનો પણ સમાવેશ થાય છે.નજરે જોનારે જણાવ્યુ હતું કે દિપોનેગોરો ચર્ચ ખાતે આવેલી મહિલાના હાથમાં બે બેગ હતી. ચર્ચના ગેટ ખાતે તહેનાત પોલીસ અધિકારીએ તેને અટકાવવાની કોશીશ કરી પરંતુ તે બળપુર્વક ચર્ચમાં ઘુસી ગઇ હતી.ત્યાં તેણે વિસ્ફોટ કરી દીધો હતો.ઈન્ડોનેશીયાની ગુપ્તચર એજન્સીના અધિકારીએ જણાવ્યુ હતું કે ચર્ચ પરના હુમલા તાજેતરમાં જેલમાં થયેલી હિંસા સાથે સંકળાયેલા હોઈ શકે.

અફધાનિસ્તાનાના જલાલાબાદમાં આતંકવાદીઓના એક જુથે સરકારી ઈમારત પર હુમલો કર્યો હતો. જેમાં ૬ના મોત નિપજ્યા હતા. અને ૧૨ જેટલી વ્યક્તિઓને ઈજા પહોચી હતી.સરકારી હિસાબી કચેરી પર ત્રાટકેલા આતંકીઓએ પહેલા વિસ્ફોટ કર્યા હતા.હજુ પણ સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે.કુલ ચાર આંતકી હોવાની શંકા છે. પ્રથમ આતંકવાદીએ સરકારી ઈમારતના ગેટ પાસે આત્મધાતી વિસ્ફોટ કરી પોતાને ઉડાવી દીધો હતો. ત્યારબાદ અન્ય તેના સાથીઓ ગોળીબાર કરતાં ઈમારતમાં ઘુસી ગયા હતા.ત્યારબાદ સંખ્યાબંધ વિસ્ફોટ કર્યા હતા.હજુ મોતનો આંકડો વધવાની સંભાવના છે.

ફ્રાંસની રાજધાની પેરિસમાં ઈસ્લામિક સ્ટેના એક કથિત આતંકવાદીએ લોકો પર ચાકુ વડે હુમલો કર્યો હતો.જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું હતદું.અને ૪ને ઈજા પહોચી હતી.પોલીસે સ્થળ પર જ હુમલાખોરને ગોળી મારી દીધી હતી.લોકોએ જણાવ્યુ હતું કે હુમલાખોર અલ્લાહુ અકબરના નારા લગાવી રહ્યો હતો.આતંકી હુમલા પરઆક્રોશ વ્યક્ત કરતાં ફ્રાંસના રાષ્ટ્પતિએ જણાવ્યુ હતુ કે ફાંસે ફરી એક વાર તેના લોહીથી કિંમત ચુકવી છે.પરંતુ અમે દુશ્મનોને સ્વતંત્રતાની છુટ આપવાના નથી.આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી હતી.

## રામમંદિરના ચુકાદો તેમની તરફેણમાં ના આવે તો આંદોલન કરશે : વિશ્વ હિંદુ પરિષદના આંતરાષ્ટ્રીય પ્રમુખ વિષ્ણુ સદાશિવ કોકજે

સુપ્રીમ કોર્ટનો ચુકાદો રામ મંદિર બાંધવાની વિરુધ્ધમાં જશે તો હિંદુઓ આંદોલન કરશે તેવું આહ્વાન વીએચપીના નવા નીમાયેલા આંતરરાષ્ટ્રીય પ્રમુખ વિષ્ણુ સદાશિવ કોકજેએ કર્યુ છે.તેમણે કહ્યુ હતું કે અયોધ્યામાં રામ મંદિર બાંધવા અંગેનો કાયદો સંસદમાં પસાર કરાવવા માટે સ્થાનિક સાંસદો પર દબાણ લાવવા દેશભરમાં આંદોલન જરુરી છે.વીએચપીનો હોદ્દો સંભાળ્યા બાદ અયોધ્યાની મુલાકાતે આવેલ કોકજેએ કહ્યુ હતું કે હાલમાં રામ મંદિરનો મામલો કોર્ટમાં નિર્ણાયક તબક્કામાં છે.અને વીએચપીમાં રહેલા કાનુની નિષ્ણાતો માને છે કે સુપ્રીમ કરોડો હિદુંઓની આસ્થા મુજબ તેનો ચુકાદો જાહેર કરશે.પરંતુ જો ચુકાદો તેમની આસ્થાની વિરુધ્ધ જશે તો દેશના કરોડો હિદુઓ અયોધ્યામાં રામ મંદરિ બાધવા માટેનો માર્ગ મોકળો કરે તેવો કાયદો સંસદમાં પસાર કરાવવા સાંસદો પર દબાણ લાવવા ચળવળ શરુ કરશે.

કોઈનું નામ લીધા વગર તેમણે ઉમેર્યું હતું કે જેઓ વીએચપીને સંકુચિત માનસિકતાનું કહેતા હતા તેઓ હવે મંદિરોમાં પ્રાર્થના કરી રહ્યા છે.આ અમારી સતત ઝુબેશનું પરિણામ છે.મોદી સરકારના ચાર વર્ષમાં રામ મંદિર અંગનો કાયદો કેમ પસાર ન કરાયો તેવો સવાલનો જવાબ આપવાનું કોકજેએ ટાળ્યુ હતું.

## કર્ણાટકના રાજ્યપાલના બીજેપીને સરકાર રચવાના નિર્ણયના મુદ્દે સુપ્રીમમાં કોગ્રેસની લડાઇમાં રામ જેઠમલાણી જોડાયા

કર્ણાટકમાં ચુંટણીમાં જે પરિણામો આવ્યા બાદ રાજ્યના રાજ્યપાલે કોગ્રેસ અને જેડીયુની બહુમતી હોવા છતાં સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે બીજેપીને સરકાર રચવાનું આમંત્રણ આપતાં કોગ્રેસ પાર્ટીએ આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.તેમજ રાત્રી દરમિયાન સુપ્રીમ કોર્ટના દ્વાર ખોલાવ્યા હતા. આ પહેલા મુબઇ બ્લાસ્ટ કેસમાં રાત્રી દરમિયાન સુપ્રીમના દરવાજા ખુલ્યા હતા.

કર્ણાટકની રાજકીય લડાઈમાં હવે વરિષ્ઠ વકીલ રામ જેઠમલાણી પણ ઝંપલાવી ચુક્યા છે. કર્ણાટકમાં સરકાર રચવા માટે ભાજપને આમંત્રણ આપવાના રાજપાલ વજુભાઇ વાળાના પગલાં સામે તેઓ સુપ્રીમ કોર્ટના શરણે ગયા હતા.તેમણે રાજ્યપાલના નિર્ણયને બંધારણીય તાકાતનો દુરપયોગ ગણાવ્યો છે.

આ મામલે કોર્ટ આગલા દિવસે સુનાવણી કરશે. ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની બેન્ચે તત્કાલ સુનાવણી માટે દાખલ કરાયેલ જેઠમલાણીની અરજી પર વિચાર કરીને કહ્યુ હતું કે કર્ણાટક કેસમાં સુનાવણી કરનાર ત્રણ સભ્યની ખાસ બેન્ચે આ મામલે સુનાવણી કરશે. રામ જેઠમલાણીએ કર્ણાટકના રાજ્યપાલના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં કહ્યુ કે હુ આ મામલે વ્યક્તિગત રીતે પોતાનો પક્ષ રજુ કરવા માંગુ છું.જે મામલે કોર્ટે નોધ લેવી જોઈએ.હું વ્યક્તિગત રીતે આવ્યો છું.હું કોઈ પાર્ટી વતી નથી આવ્યો.

# કર્ણાટકમાં ૧૦,૦૦૦ બોગસ વોટર આઇડી કાર્ડ મળતાં રાજકીય હંગામો : રાજકીય પક્ષોનું એકબીજા પર દોષારોપણ

૭૦ વર્ષની આઝાદી બાદ દેશમાં થઈ રહેલ ચુંટણીઓ નિષ્પક્ષ અને ચોખ્ખી બની રહે તેમ થાય તેમ કહેવું મુશ્કેલ બની રહ્યું છે.કર્ણાટકના રાજા રાજેશ્વરી વિધાનસભા ક્ષેત્રમાં ચુંટણીના થોડાક કલાકો પહેલાં એક ફલેટમાંથી ૧૦,૦૦૦ જેટલા નકલી મતદાર ઓળખપત્રો(વોટરઆઈડી)મળી આવતાં રાજકીય હંગામો મચી ગયો છે. આ મામલે હવે કોગ્રેસ અને ભાજપ બંને એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે.આ મામલે ચુંટણી રદ કરવાની માંગણી ભાજપે કરી હતી.જ્યારે કોગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્માએ કોગ્રેસના નેતાઓ સહિત ચુંટણી પંચની મુલાકાત લીધી હતી.કોચિ મંજુલા નાન્જામુરી નામના ભાજપના નેતાના ફલેટમાંથી આ આઈ કાર્ડ મળ્યા હતા.તેવો આરોપ કોગ્રેસે મુક્યો હતો.મંજુલાનો પુત્ર ભાજપનો કોર્પોરેટર હતો.

જોકે કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આરોપ લગાવ્યો હતો કે કોગ્રેસ ઉમેદવાર અને હાલના ધારાસભ્ય મુની રત્ન નાયડુ આ કથિત ગેંગ પાછળ છે, જેનો પર્દાફાશ ભાજપના કાર્યકર્તા રાકેશે કર્યો છે.જાવડેકરે કહ્યુ હતું કે પોલીસે હોલોગ્રામ સાથે હજારોની સંખ્યામાં નકલી વોટરકાર્ડ,લેમીનેશન મશીન અને કમ્પ્યુટર જપ્ત કર્યા છે.તેમણે પત્રકાર પરિષદમાં કહ્યુ હતું કે આ કોગ્રેસની ફીલસુફી છે કે જો મતદાર તેમને મત ન આપે તો નકલી મતદાર બનાવવામાં આવે. જાવડેકર સાયબર સીક્યુરીટી એન્જસી સમક્ષ આ મામલે વ્યાપક તપાસ કરાવવાની માંગણી કરી છે.

કોગ્રેસના નેતા આનંદ શર્માએ આ ઘટનાને દેખાડો ગણાવી હતી.તેમણે દાવો કર્યો હતો કે મંજુલા ભાજપ સાથે સંકળાયેલી છે.અને તેમના પુત્રે ભાજપની ટીકીટ પરથી નગરનિગમની ચુંટણી લડી હતી.ચુંટણી પંચે ચોક્કસપણે કાર્યવાહી કરવી જોઈએ તેવું શર્માએ કહ્યુ હતું.

# અકસ્માતનો ભોગ બનનારને હવે રુ.પાંચ લાખ સુધીનું વળતર અપાશે

સરકારે માર્ગ અકસ્માતના કિસ્સામાં પીડીત અથવા તેના પરિવારજનોને મળનારા વળતરમાં૧૦ ગણો વધારો કર્યો છે.ભોગ બનનારની આવક કે વયની મર્યાદાને જોયા વગર જો તેનું મોત થાય, કાયમી વિકલાંગતા અથવા નજીવી ઈજા હોય તેવા કેસોમાં વળતર અપાશે.૨૪ વર્ષના ગાળા બાદ નિયમોમાં ફેરફાર કરીને પરિવહન મંત્રાલયે લોકોને વિકલ્પ આપ્યો છે કે જો તેમને એવું લાગતું હોય કે વધુ વળતર મળવું જોઈએ તે તેઓ મોટર એક્સિડેન્ટ કલેઈમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી)માં તેમને કેસ દાખલ કરી શકે છે.

નવા ધોરણો ટુંકમાં જ જાહેર થવાના છે. તે મુજબ જો માર્ગ અકસ્માતમાં મોત થાય તો તેને વળતર પેટે રુ. પાંચ લાખ અપાશે.પરંતુ જો તેને કાયમી વિકલાંગતા આવે તો વિકલાંગતાના આધારે રુ. ૫૦,૦૦૦થી રુ. પાંચ લાખની આસપાસનું વળતર અપાશે.જેમાં વાર્ષિક ધોરણે પાંચ ટકાનો વધારો થશે.માર્ગ અકસ્માતમાં મોટાપાયે ભોગ બનનારને ઝડપથી રાહત આપવા માટે આ પગલું લેવાઈ રહ્યુ છે.હાલમાં આંકડાકીય માહીતી પ્રમાણે દર વર્ષે ૧.૫ લાખ લોકો માર્ગ અકસ્માતમાં મરે છે.અને પાંચ લાખથી વધુને ઈજા થાય છે.વધુ વળતરને કારણે વાહન માલિકોએ થર્ડ પાર્ટી પ્રીમીયમ પેટે વધુ રકમ ચુકવવાનું પણ થશે.

હાલમાં મોટર વ્હીકલ એક્ટમાં મોતના કિસ્સામાં રુ. ૫૦,૦૦૦ અને કાયમી વિકલાંગતાના કેસમાં રુ.,૨૫,૦૦૦નું વળતર આપવાની જોગવાઈ છે.ઝડપી વળતર આપવા અને કેસોનો ભરાવો અટકાવવા માટેનું આ પગલું છે.જો કે હજુ અકસ્માત નિવારણ માટે લોકોમાં જાગૃતિ લાવવાની પણ જરુરીયાત છે.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧


# આધારની હોડી મઝધારમાં અટવાઇ પડી છે.

આધાર યોજના લોન્ચ થઈ ત્યારે કહેવાયું હતું કે આ એક નંબર હશે તો નાગરિક અનેક કડાકુટમાંથી બચી જશે.તે રેશનકાર્ડ,બેન્ક એકાઉન્ટ,પાનકાર્ડ,પેન્સન,ઈન્સ્યોરન્સ,પાસપોર્ટ મેળવવામાં ઉપયોગી થશે.પણ ૨૦૧૧માં પી.ચિંદબરમ ગૃહપ્રધાન હતા ત્યારે આધાર યોજના ભારતની સલામતી સામે ખતરો પેદા કરી શકે છે તેમ કહીને વાંધો ઉઠાવ્યો.વાંધો વ્યાજબી હશે તો પણ તેનો ઉકેલ લાવવામાં ખાસ્સો સમય લાગડી દીથો અને તે દરમિયાના રજીસ્ટ્રેશનનું કામ ઠપ થઈ ગયું.વળી પાછી યોજનાને બહાલી આપી.અગાઉ કહેવામાં આવ્યું હતું કે પાસપોર્ટ મેળવવામાં આધાર કાર્ડ વેલિડ દસ્તાવેજ ગણાશે. પરંતુ પાછુ જાહેર કરવામાં આવ્યું કે તે વેલિડ દસ્તાવેજ નથી.છેલ્લા થોડાક સમયથી પાછુ આધાર કાર્ડને પાસપોર્ટ માટે સ્વીકારવામાં આવે છે.

યોજનામાં કેટલીક પ્રાથમિક ખામીઓ છે.કોર્ટે આપેલ ચુકાદામાં જણાવાયું છે કે આધાર કાર્ડને દેશની નાગરિકતાનું પ્રમાણપત્ર ગણવું નહી.ગેસ,કે ટેલીફોન કનેકશન વગેરે માટે આધાર કાર્ડને અનિવાર્ય બનાવવું નહીં.તે મેળવવું કે નહી તે નાગરિકની ઈચ્છા પર છોડવું.જેમની પાસે કાર્ડ ન હોય તેમને પણ સરકારી રાહતો જરુર આપવી.સુપ્રીમ કોર્ટે આધાર નંબરને સ્વેચ્છીક ગણાવ્યો પણ ઘણી રાજ્ય સરકારોએ યોજનાને આધારે પોતપોતાના નિયમો ઘડ્યા છે.મહારાષ્ટ્ર અને દિલ્હી રાજ્ય સરકારે લગ્નની નોધણી અને પગાર મેળવવા માટે આધારમાં નોંધણી ફરજીયાત બનાવી છે.વળી આધાર બંધ કરીએ તો બીજી કઈ યોજના શરુ કરી શકાય ?વળી આધાર યોજનામાં આજે પણ એટલો ખર્ચ થઈ ચુક્યો છે કે અરધે રસ્તેથી પાછા વળવાનું શક્ય નથી.તેમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાએ અસમંજસ વધારી દીધી છે.કોર્ટ મહત્વની બાબતનું નિરીક્ષણ કરવાનું ચુકી ગઈ છે.આધાર નંબર ન ધરાવતા લોકોને રાહતોથી વંચિત ન રાખવા, પણ તેમની ઓળખ કેવી રીતે થશે.આધાર નંબર હશે તો તેઓને સહેલાઈથી અને કાયમ માટે રાહતો મળશે.કેટલીક દલીલો એવી છે કે સરકાર નાગરિકોની વિગતો એકઠી કરીને નાગરિકો વિરુધ્ધ જ તેનો દુરપયોગ કરશે.તમામ વિકસિત દેશોમાં નાગરિકોને એમની વિગતોને આધારે ઓળખપત્રો અપાયા છે.તેથી નાગરિકો પરઆભ તુટી પડ્યું નથી.સર્વોચ્ચ અદાલતના ચુકાદાથી ઘણા બોધ્ધિકો નારાજ છે.કારણકે લોકો પાસે આધાર નંબર હોવો જોઈએ કે નહી તે પોલીસીને લગતો વિષય છે.અદાલતે તેમાં માથુ ન મારવું જોઈએ.

# વૃધ્ધ માતાપિતાને નિસહાય છોડતા સંતાનોને વધુ આકરી સજા થશે

વૃધ્ધ માતાપિતાની અવગણના કરનારા સંતાનોની ખેર નથી.મોદી સરકાર ટુંક સમયમાં વૃધ્ધ માતાપિતાને નિ:સહાય સ્થિતિમાં છોડનારા લોકો વિરુધ્ધ કાયદો વધુ કડક બનાવવા જઈ રહી છે.કેન્દ્ર સરકાર આવા કિસ્સાઓમાં મળતી સજાને ૩ મહિનાથી વધારીને છ મહિનાની કરવા વિચારણા કરી રહી છે.

માતાપિતા અને વરિષ્ઠ નાગરિકોની દેખભાળ અને કલ્યાણ કાયદો,૨૦૦૭ની સમીક્ષા કરી રહેલા સામાજીક,ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે સંતાનોની પરિભાષાને વિસ્તરિત કરવાની પણ ભલામણ કરી છે.એક વરિષ્ઠ અધીકારીના કહેવા પ્રમાણે સંતાનોની પરિભાષામાં દત્તક કે સાવકા બાળકો,જમાઈ અને પુત્રવધુઓ, પૌત્ર, પોત્રીઓ, પ્રપોત્ર અને પપોત્રીઓ અને એવા કિશોરોને પણ સામેલ કરવાની ભલામણ કરાઈ છે કે જેમનું પ્રતિનિધિત્વ કાયદાકીય વાલીઓ કરતા હોય છે. હાલના કાયદામાં માત્ર સગા સંતાનો અને પોત્ર-પોત્રીઓ સામેલ છે.નવા કાયદાનો મુસદો તૈયાર થઈ ગયો છે.કાયદામાં માસિક દેખરેખ ભથ્થાની રુ.૧૦,૦૦૦ની મહત્તમ મર્યાદાઓને સમાપ્ત કરી દેવાઈ છે.જો સંતાનો માતાપિતાની દેખરેખ રાખવાનો ઈન્કાર કરે તો તેઓ આ કાયદાનો આધાર લઈ શકે છે.

## જાણવા જેવું !

દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.

ડીઝનીલેન્ડ અને ડીઝની સ્ટુડીયોના સ્થાપક વોલ્ટ ડીઝનીએ તેમની કારકીર્દીની શરૂઆત સમાચારપત્રમાં જાહેરખબરની ડીઝાઈન કરનારી વ્યક્તિ તરીકે કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



# બાળકોમાં શિસ્ત કેવી રીતે લાવશો ?

આજકાલ ઘર કે શાળામાં બાળકોના વર્તનથી વાલી કે શિક્ષક ક્યારેય ખુશ નથી.વાલી કે શિક્ષક જે ઇચ્છે તે પ્રમાણે બાળકો વર્તન કરતા નથી.પરિણામે વાલી અને શિક્ષક બંને દુઃખી થાય છે.જો દબાણપુર્વક શિસ્ત લાવવાના પ્રયત્નો કરવામાં આવે તો પરિણામ ધાર્યા આવતાં નથી. પરિણામે પ્રશ્ન ઉભો થાય છે કે , શું બાળકો ઇચ્છે તેમ અને ધારે તેમ કરવા દેવું ? આ બાબત બાળકોની શિસ્ત સાથે સંકળાયેલ પ્રશ્ન છે તો આવો વિચારીએ કે બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને વાલીઓ એ શું કરવું જોઇએ .

પહેલો પ્રશ્ન થાય કે શિસ્ત એટલે શું ? બાળકો બોલ્યા ચાલ્યા વિના અદબ વાળીને બેસી રહે એને શિસ્ત કહીશું ? ના. તો અમદાવાદમાં એક શિક્ષકે પોતના જન્મ દિવસ પર ભરુચથી માંડીને મહેસાણા જિલ્લા સુધીના શિક્ષકોએ વિચારેલી વાત અહી રજુ કરુ છું.આ શિક્ષકોના મતે શિસ્ત એટલે પોતાની જાત પર નિયંત્રણ.સામાજિક રીતેયોગ્ય વ્યવહાર.શોભે એવું વર્તન. સારો જીવન વ્યવહાર. દેખીતો સભ્ય વ્યવહાર. પોતાની વાણી અને વર્તન પર યોગ્ય નિયંત્રણ.

શિસ્ત ધરાવતાં બાળકોના વર્તન કેવા હોય ? તો, તેઓ શાળા કે ઘર કે સમાજે બનાવેલ નિયમોનું પાલન કરતા હોય,શાળામાં નિયમિત ગણવેશ પહેરે,શાળા કક્ષાના દરેક કાર્યોમાં સમયપાલન કરે. શાળામાં રિસેસ કે છુટતી વખતે શાળાએ કરેલા નિયમોનું પાલન કરે.પોતાનાથી નાના સભ્યને પોતાના વર્તન દ્વારા શિસ્ત શીખવે. શિસ્ત ધરાવતાં બાળકોના ઘરમાં પણ ચોક્કસ પ્રકારના વર્તનો જોવા મળે છે.જેમકે માતા-પિતાની આજ્ઞાનું પાલન કરવું,પોતે ઉપયોગ કરતો હોય તે વસ્તુઓ યોગ્ય સ્થાને રાખે અને ગોઠવે, પોતાના ભાઇ-બહેન સાથે યોગ્ય વ્યવહાર કરે, મહેમાનો કે પરિચિતો સાથે યોગ્ય વ્યવહાર કરે.(આજે તો કેટલાંક ઘરોમાં મહેમાન આવે એટલે બાળક પોતાના રુમમાં ચાલ્યો જાય છે.વાલી ઘરે ન હોય અને કોઇ પરિચિત વ્યક્તિ ઘરે આવે તો હસીને સ્વાગત કરતાં પણ નથી આવડતું.)ઘરના નિયમોનું પાલન કરે. શિસ્ત ધરાવતાં બાળકમાં સામાજિક વર્તનો પણ જોઇએ.જેમકે જાહેર સ્થળો કે સમારંભોમાં પોતાનું વર્તન યોગ્ય રાખે, જાહેર સ્થળોએ નિયમોનું પાલન કરે. ટ્રાફિકના નિયમોનું પાલન કરે, રસ્તાની ડાબી બાજુએ વાહન હંકે, જાહેર મિલ્કતોની જાળવણી કરે અને નુકશાન તો ન જ કરે.અન્ય કોઇ નુકશાન કરતું હોય તો તેને અટકાવે,ગંદકી ન કરે, દરેક વ્યક્તિ સાથે શાળા, ઘર કે સમાજમાં સભ્યતાભર્યા વાણી અને વર્તન કરે.બાળકોમાં શિસ્ત લાવવા માટે લાંબા લાંબા ભાષણો સાર્થક ન પણ નીવડે.આવા સમયે કેટલાંક સુત્રો-ઉક્તિઓનો ઉપયોગ કરવો જોઇએ.જેમકે શિસ્તનો સહવાસ,જીવનમાં ઉજાસ,શિસ્ત એ સફળતાની પગદંડી છે.શિસ્ત વધારો,આત્મવિશ્વાસ વધશે.શિસ્ત વિનાનો માણસ રાક્ષસ સમાન છે.શિસ્તની શરુઆત મારાથી જ.શિસ્ત વિનાનું જીવન એટલે બ્રેક વગરનું વાહન વગેરે.બાળકોની સામે મહાન વ્યક્તિઓના શિસ્ત વિષયક ઉદાહરણો પુરા પાડવા જોઇએ.જેમકે ગાંધીજી, વિવેકાનંદજીના જીવનના ઘણાં પ્રસંગો, સૈન્યની શિસ્તના ઉદાહરણો વિગેરે.આ ઉપરાંત શિસ્ત શીખવવા માંગતી વ્યક્તિ પોતાના વર્તન વ્યવહારથી બાળકોમાં શિસ્ત વિકસાવવાનો પ્રયત્ન કરશે તો ધારી સફળતા મળશે.બાળકોમાં શિસ્તના મુલ્યને વિકસાવવા શાળા કક્ષાએ કેટલીક પ્રવૃત્તિઓ ચોક્કસપણે કરવી જોઇએ. જેમકે શાળામાં લાઇન-હારબંધ આવવું-જવું,પ્રાર્થનામાં કે વર્ગખંડમાં શાંતિથી બીજાને ખલેલ ન પડે તે રીતે બેસવાની ટેવ પાડવી, શાળાની મિલકતો જાળવવાની જવાબદારી સોંપવી.અન્ય બાળકને મદદ કરે તેવી ભાવના વિકસાવવી, બાળકોના જવાબદારીવાળા કાર્યો સોંપવા અને તેમની પર વિશ્વાસ રાખવો વિગેરે.આ ઉપરાંત શિક્ષકે પણ પોતાના વર્તન દ્વારા બાળકોને શિસ્તના પાઠ શીખવવાના છે,ત્યારે શિક્ષકના વર્તન કેવા હોવા જોઇએ? શિક્ષકે સમયનું ચુસ્ત પાલન કરવું જોઇએ. સમયસર શાળામાં આવવું અને જવું. સમયસર વર્ગખંડમાં આવવું-જવું વગેરે. પોતાના પોશાક,વાણી અને વર્તન દ્વારા આર્દશ વ્યક્તિનું ઉદાહરણ પુરુ પાડે. પોતે લીધેલા સંકલ્પો અને તેનું પાલન કરતાં હોય ત્યારે તેને વિદ્યાર્થી સમક્ષ રજુ કરો. સમાજમાં બનતી ઘટનાઓમાંથી પ્રગટતી શિસ્તની વાતો કરો તેમજ જ્યાં જ્યાં અશિસ્ત જેવું દેખાય તેને વખોડવાની તક બાળકોની સાથે ઝડપો.વિવિધ પ્રસંગો બાળકો સામે રજુ કરો.જેમાં શિસ્તથી થયેલ લાભ અને અશિસ્તથી થયેલ નુકશાન બાળકોને જણાવો.શિસ્તમાં રહેતાં બાળકોને પ્રોત્સાહિત કરો અને અશિસ્ત આચરતાં બાળકોને શિસ્તમાં લાવવા સમજાવો.શિક્ષક એકલો ગમે તેટલું કરશે, પણ જો વાલીનો સહકાર નહીં હોય તો પણ ધારી સફળતા નહીં મળે.શિક્ષકે શાળામાં અને વાલીએ ઘરમાં શિસ્તનો આગ્રહ રાખવાનો છે તેમજ ઉદાહરણરુપ બનવાનું છે.વાલીએ પણ બાળક પાસે ઘરમાં કેટલીક બાબતોનો આગ્રહ રાખવો જોઇએ. જેમકે પોતાનું કામ જાતે જ કરે.વડીલો સાથે સભ્યતાપુર્વકનું વર્તન કરે.વ્યક્તિગત સ્વચ્છતા જાળવે.ઘરના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવે. ઘર બહાર જાહેર સ્થળોએ કેવા વર્તન કરવા જોઇએ તેનું માર્ગદર્શન વાલી આપે તેમજ અયોગ્ય વર્તન માટે સતત ચેતવણી પણ આપે.આમ છતાં કેટલાંક વાલી પોતેજ અશિસ્ત આચરતાં હોય છે.જેને જોઇને બાળકો પણ તેમના જેવા વર્તન કરતાં થઇ જાય છે.વાલી પોતે બાળકો પાસે શિસ્ત કે સારા વર્તનોની અપેક્ષા રાખે છે. પણ પોતે તેમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે.માટે જ ઘણાં બાળકો પોતાના વાલીનું કહ્યું કરતાં નથી.આવા વાલીને જાગૃત કરવા માટે શાળાએ અવારનવાર વાલી મીટીંગ કરવી જોઇએ. વાલીને તેમના બાળકોની શિસ્તને લગતી બાબતોથી પરિચિત કરવા જોઇએ. બાળકોએ કરેલ પ્રવૃતિ કે સારા કામને વાલી સમક્ષ રજુ કરવા જોઇએ. શાળાના વિવિધ કાર્યક્રમોમાં વાલીને અવશ્યપણે ભાગીદાર બનાવવા અને પુરતી કાળજી રાખી આમંત્રિત કરવા. શાળામાં વિદ્યાર્થીના સારા વર્તન માટે કે ચોક્કસ પ્રગતિ માટે વાલીની હાજરીમાં તેમનું સન્માન કરવું જોઇએ. વાલીનું પણ સન્માન કરી શકાય.

ટુંકમાં બાળકોમાં શિસ્ત લાવવા માટે શાળા અને ઘર એટલે કે શિક્ષક અને વાલી બંનેએ પ્રયત્નો કરવા પડશે. આ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પોતાના વર્તનો દ્વારા બાળકોમાં શિસ્ત પ્રત્યેનો લગાવ પેદા કરવો પડશે, તો જ સફળતા મળશે.

ડો.અશોક પટેલ(સૌ.સંદેશ)

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દૃષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઇ શકે. કોઇ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઇ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઇ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોતાની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, “શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.’’ આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઇએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઇ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઇને કોઇએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઇએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઇતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે.

પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઇચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઇચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં

અનુ.પાન નં.૨ ઉપર

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.